For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**MMTHની કામગીરીને કારણે થતાં ટ્રાફિક જામ અને ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે એક્શન પ્લાન**

# સુરત રેલવે સ્ટેશને હવે માત્ર પિકઅપ-ડ્રોપ

**રોજના** એક લાખથી વધુ વાહનોના ટ્રાફિકને ધ્યાને રાખી પ્લાન ઘડાયો

**સ્ટેશનની** બહારની બાઉન્ડ્રી વોલ તોડી પડાશે, ફરતેના રસ્તાનું રિ-કાર્પેટિંગ, સિગ્નલિંગ કરાશે

સુરત : સુરત રેલવે સ્ટેશન પર જે બાઉન્ડ્રી વોલ છે તે હવે તોડી પાડવામાં આવશે અને રેલવે સ્ટેશન પર માત્ર પિકઅપ અને ડ્રોપની જ સુવિધા રહેશે. આ ઉપરાંત સુરત રેલવે સ્ટેશનની ફરતે સહરા દરવાજાથી શરૂ કરીને છેક પોદ્દાર આર્કેડ સુધીના વિસ્તારોમાં રસ્તાઓનું રિ-કાર્પેટિંગથી માંડીને સિગ્નલિંગની કામગીરી કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### ટેક્સી-ઓટો સ્ટેન્ડ જિલ્લા પંચાયતની જગ્યા પર શિફ્ટ કરવામાં આવશે

હાલમાં રેલવે સ્ટેશનની બહાર જ ટેક્સી અને ઓટો સ્ટેન્ડ છે. જો કે, આગામી દિવસોમાં આ ટેક્સી અને ઓટો સ્ટેન્ડ પણ સ્થળાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને રેલવે સ્ટેશનની

...અનુસંધાન પાના 5 પર

### SVNIT દ્વારા સૂચવાયેલી 'સર્ક્યુલર પેટર્ન' ડિઝાઈન

રેલવે સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિકના સ્મૂધ ફ્લો માટે તૈયાર કરાયેલી વિશેષ ડિઝાઈનમાં રેલવે સ્ટેશનના

...અનુસંધાન પાના 5 પર




### એક્શન પ્લાનથી રોજના 1 લાખ વાહનો અને 50 હજાર મુસાફરોને રાહત મળશે

સ્ટેશન વિસ્તારમાંથી રોજના આશરે 1 લાખ વાહનો પસાર થાય છે. આ ઉપરાંત, દરરોજ 50 હજારથી વધુ મુસાફરો અહીંથી મુસાફરી કરે છે. આટલી વિશાળ સંખ્યામાં લોકો અને વાહનોની અવરજવરને કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ જાય છે. જેથી આ વિસ્તારમાં ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે એક્શન પ્લાનનો અમલ કરાશે.

### રેલવે સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ વાહનો માટે લેન નક્કી કરાશે

- **બસ લેન:** એસ.ટી. અને સિટી બસો માટે સીધો રસ્તો.
- **રીક્ષા/કાર લેન:** પિક-અપ અને ડ્રોપ માટે સુરક્ષિત ઝોન.
- **રાહદારી ઝોન:** પેસેન્જરો સુરક્ષિત રીતે ચાલી શકે તેવી ફૂટપાથ અને ક્રોસિંગ.

### અનધિકૃત પાર્કિંગ અને દબાણો દૂર કરાશે

સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક જામનું એક મુખ્ય કારણ અનઅધિકૃત દબાણો અને ગમે ત્યાં પાર્ક થતા વાહનો છે. પોલીસ અને મનપાના સંયુક્ત અભિયાન હેઠળ આ

...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

# હવે બીજા કોરિડોરમાં પણ ઉગત કેનાલ રૂટ પર મેટ્રોનું ટ્રાયલ રન

**મેટ્રો** પ્રોજેક્ટની 75 ટકા કામગીરી પૂરી કર્યાનો તંત્રનો દાવો

**ટ્રાયલ** રનમાં 500 કલાકનું સતત રનિંગ કરાશે

સુરતઃ શહેરીજનોની સાથે સાથે સુરતનું સમગ્ર વહીવટી તંત્ર જે પ્રોજેક્ટ શરૂ થવાની કાગડોળે રાહ જોઈ રહ્યું છે તે પ્રોજેક્ટ ધીમે ધીમે ગતિ પકડી રહ્યો હોય તેવી પ્રતિતી થઈ રહી છે. સુરત મેટ્રો પ્રોજેક્ટના ટ્રાયલ રન થતા આ પ્રોજેક્ટ ઝડપથી શરૂ થાય તેવી આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. માર્ચ માસમાં મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ રૂટ પર ટ્રાયલ રન થઈ હતી. તેમજ હવે બીજા રૂટ પર પણ ટ્રાયલ રન લેવાની શરૂઆત થઈ ચુકી છે. ગુરૂવારે મેટ્રોના બીજા કોરીડોર પર ઉગત કેનાલ રોડ પરથી ટ્રાયલ રન

...અનુસંધાન પાના 5 પર



# સુરત શહેર-જિલ્લામાં ચોથા દિવસે પણ પેટ્રોલ સંકટ યથાવત

**આશરે** 60 ટકા જેટલા પેટ્રોલ પંપ બપોરે જ બંધ થઈ જાય છે, જિલ્લા પુરવઠા અધિકારી સાથે બેઠક છતાં ઉકેલ નહીં

**ઓઈલ** કંપનીઓના અપૂરતા સપ્લાયથી પંપો પર લાઈનો લાગી રહી છે

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં પેટ્રોલની કૃત્રિમ અછતનો પ્રશ્ન આજે સતત ચોથા દિવસે પણ યથાવત રહ્યો હતો. બુધવારે જિલ્લા પુરવઠા અધિકારીએ પેટ્રોલિયમ કંપનીઓ અને ડીલરો સહિતના સ્ટેક હોલ્ડરો સાથે તાત્કાલિક બેઠક યોજી હતી, પરંતુ બેઠક બાદ પણ કોઈ હકારાત્મક પરિણામ સામે આવ્યું નહોતું. જે પેટ્રોલ પંપો

...અનુસંધાન પાના 5 પર

## 24 કલાકમાં 76.53 લાખ લીટર પેટ્રોલ-ડીઝલનું વેચાણ

**હાલમાં** ૧.૮૬ કરોડ લીટરથી વધુનો સ્ટોક યથાવત સાથે ઈંધણની પૂરતી ઉપલબ્ધતાનો તંત્રનો દાવો

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં પેટ્રોલ તથા ડિઝલની માંગ સતત ઊંચી હોવા છતાં ઈંધણ કંપનીઓ પાસે પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન કુલ ૭૬.૫૩ લાખ લીટર પેટ્રોલ અને ડિઝલનું વેચાણ નોંધાયું

...અનુસંધાન પાના 5 પર

### સપ્લાય વ્યવસ્થા સ્થિર, ગભરાવાની જરૂર નહીં

પેટ્રોલપંપો ઉપર લોકોની લાંબી લાઈનો લાગી છે. આઈઓસીએલના અનેક પંપો બંધ છે. જેને કારણે પંપ બંધ પડવાની દહેશત ઉઠી છે. છતાં ઈંધણ સપ્લાય સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ સુરતમાં રિફાઈનરી અને ડેપો સ્તરે પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી નિયમિત સપ્લાય ચાલુ છે. શહેરના તમામ પેટ્રોલ પંપ પર સામાન્ય રીતે

...અનુસંધાન પાના 5 પર

### કંપનીવાર ઉપલબ્ધ સ્ટોકની સ્થિતિ નીચે મુજબ રહી હતી

| કંપની | ઈંધણ પ્રકાર | ઓપનિંગ સ્ટોક | ક્લોઝિંગ સ્ટોક |
|---|---|---|---|
| IOCL | પેટ્રોલ | 40,56,000 | 35,36,000 |
| IOCL | ડિઝલ | 1,40,86,000 | 98,39,000 |
| HPCL | પેટ્રોલ | 3,79,000 | 3,89,000 |
| HPCL | ડિઝલ | 2,73,000 | 2,23,000 |
| BPCL | પેટ્રોલ | 43,36,000 | 33,67,000 |
| BPCL | ડિઝલ | 31,70,000 | 12,93,000 |

**ઈંધણ બચત માટે VNSGUની અનોખી પહેલ**

# વિદ્યાર્થીઓના વાઈવા ઓનલાઈન લેવાશે

**કારપૂલિંગ** કરો, સાઈકલ ચલાવો, ઓનલાઈન કામગીરી કરો

**કુલપતિ** દ્વારા પ્રોફેસરો અને વિદ્યાર્થીઓને માત્ર ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા અપીલ

સુરતઃ દેશમાં પેટ્રોલ અને ડીઝલ સહિત ઈંધણ બચાવવા માટે વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા આહ્વાન બાદ વીએનએસજીયુ એ પણ મહત્વપૂર્ણ પગલાં ભરવાનું શરૂ કર્યું છે. યુનિવર્સિટીના કુલપતિએ કેમ્પસમાં ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ સૂચનાઓ જાહેર કરી છે.

કુલપતિ ડો.કે.એન.ચાવડાએ યુનિવર્સિટીના તમામ વિભાગોના પ્રોફેસરો અને સ્ટાફને શક્ય હોય ત્યાં સુધી એક જ વાહનમાં સાથે આવી કારપૂલિંગ કરવાની અપીલ કરી છે. ઉપરાંત કેમ્પસની નજીક રહેતા કર્મચારીઓને ચાલીને અથવા સાયકલ દ્વારા યુનિવર્સિટીમાં આવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીએ વહીવટી અને શૈક્ષણિક કામગીરીમાં પણ ડિજિટલ માધ્યમનો વધુ ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છો પરીક્ષાની મૂલ્યાંકન પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓના વાયવા પણ ઓનલાઈન લેવામાં આવશે. શક્ય તેટલી કામગીરી ઓનલાઈન કરવાથી ઈંધણની બચત સાથે સમય અને સંસાધનોનો પણ બચાવ થશે. કેમ્પસની અંદર અનાવશ્યક રીતે ખાનગી વાહનોનો ઉપયોગ ન કરવા પણ સૂચના આપવામાં આવી છે. માત્ર ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 5 પર




**ત્રીજી વાર્ષિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયાબેન નરેશભાઈ માહ્યાવંશી**
સ્વ.તા.15-05-2023

અશ્રુઓ ત્યારે આંખમાંથી વહી જાય છે, તસ્વીર પ્રેમભરી જયારે તમારી દેખાય છે. સ્નેહભરી સર્વે યાદો હજી તાજી થાય છે, તમારી ઉપસ્થિતી હજીય અનુભવાય છે. ઇશ્વર તમારા આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિ.
નરેશભાઈ નરોત્તમભાઈ માહ્યાવંશી (પતિ)
નિમેષકુમાર નરેશભાઈ રાઠોડ (પુત્ર) • દિપ્તીબેન નિમેષકુમાર રાઠોડ (પુત્રવધુ)
નિલેશકુમાર નરેશભાઈ રાઠોડ (પુત્ર) • બિજલબેન નિલેશકુમાર રાઠોડ (પુત્રવધુ)
વિજયકુમાર ડાહ્યાભાઈ માહ્યાવંશી(જમાઈ) • પાયલકુમારી વિજયકુમાર માહ્યાવંશી (પુત્રી)
કથ્વી, હર્શિવ, કિશા, જીયા
મુ. સરોણા, તા.જી. નવસારી

**બીજી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. રવિન્દ્રભાઈ હસમુખલાલ રોટલીવાલા**
સ્વ. તા. ૧૫/૦૫/૨૦૨૪
વૈશાખ સુદ આઠમ

આપના પૂણ્યત્માની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાથના.
આપની પ્રેમાળ સ્મૃતીમાં

લિ.
સ્વ. હસમુખલાલ રતીલાલ રોટલીવાલા | સ્વ. દમયંતિબેન હસમુખભાઈ રોટલીવાલા
સ્વ. એલ્વીસ રવિન્દ્રભાઈ રોટલીવાલા | ગં.સ્વ. ઉષાબેન રવિન્દ્રભાઈ રોટલીવાલા
વિમલકુમાર રવિન્દ્રભાઈ રોટલીવાલા | ટીના વિમલકુમાર રોટલીવાલા
જયદેવ વિમલકુમાર રોટલીવાલા | પ્રાર્થના વિમલકુમાર રોટલીવાલા
જોશનાબેન ક્રિષ્નવદન વખારીયા(બેન) | મિનાક્ષીબેન નિતીનકુમાર ગોનાવાલા (બેન)

**હાર્દિક શ્રધ્ધાંજલિ**
પ્રણામ



**ધામવાસી લલીતાબેન કેશવભાઈ પટેલ**
ધામ ગમન તા. ૧૫/૦૫/૨૦૧૪



**ધામવાસી કેશવલાલ છગનલાલ પટેલ**
ધામ ગમન તા. ૧૫/૦૪/૧૯૬૮

વટવૃક્ષ કેરો છાંયડો અમ પર સદાય રાખજો, તમે જ્યાં હો ત્યાં આનંદ-પરમાનંદની ઘડીઓ સદાય માણજો, તમારી યાદનાં તોરણ બંધાય અમારી આંખમાં, પથદર્શક બની હરદમ અંતરથી આશિષ વરસાવજો. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ.
મોહનભાઈ કેશવભાઈ પટેલ | સ્વ. વિપુલ મોહનભાઈ પટેલ
જશવંતભાઈ કેશવભાઈ પટેલ | સ્વ. મિલન પ્રવિણચંદ્ર પટેલ
પ્રવિણચંદ્ર કેશવભાઈ પટેલ | નયન પ્રવિણચંદ્ર પટેલ
વિજય મોહનભાઈ પટેલ | સંજય જશવંતભાઈ પટેલ
નિરાલી, જાનવી, જિયાન, રૂષિલ, શ્રીઆંશ તથા સમસ્ત કેશવ પરિવાર

**દુઃખદ અવસાન બેસણું**

**સ્વ. નિલેશ ચંપકભાઈ પટેલ**
જન્મ તા. ૧૪/૦૫/૧૯૭૬ ઉ.વર્ષ ૫૦
સ્વ. તા.૧૦/૦૫/૨૦૨૬ રવિવાર




દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પુત્ર નિલેશ ચંપકભાઈ પટેલ નું તા.૧૦/૦૫/૨૦૨૬ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના..

સદ્દગતનું બેસણું : તા. ૧૬/૦૫/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લિ.
ગં. સ્વ. જીજ્ઞેશા નિલેશભાઈ પટેલ (પત્ની)
ચંપકભાઈ કેશવભાઈ પટેલ (પિતા) | સ્વ. જસુબેન ચંપકભાઈ પટેલ (માતા)
હિતેષભાઈ ચંપકભાઈ પટેલ (ભાઈ) | દિશાબેન હિતેષભાઈ પટેલ
ભગીરથ નિલેશભાઈ પટેલ (પુત્ર) | ચેતનાબેન હરિષભાઈ પટેલ (બહેન)
કર્તવ્ય નિલેશભાઈ પટેલ (પુત્ર) | હેલી નિલેશભાઈ પટેલ (દિકરી)
હરીશભાઈ ઈશ્વરભાઈ પટેલ (બનેવી) | રાજવી નિલેશભાઈ પટેલ (દિકરી)
મો. ૯૮૯૮૫ ૭૦૭૪૨, મો. ૯૭૨૫૫ ૬૫૭૩૫ | ક્રિષ્ના હિતેષભાઈ પટેલ (ભત્રીજી)
જાનકી હિતેષભાઈ પટેલ (ભત્રીજી)
તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસ સ્થાન : ઉમરાવનગર, સિધ્ધીશેરી, BSNL ની પાછળ, ઘોડદોડ રોડ, સુરત.

**અનાવિલ અવસાન**



સ્વ. દોલતભાઈ ડાહ્યાભાઈ દેસાઈ
સ્વ. તા. ૧૩/૦૫/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પૂજ્ય પિતાશ્રી **દોલતભાઈ ડાહ્યાભાઈ દેસાઈ** (રીટાયર્ડ સુમુલ ડેરી) નું સંવત ૨૦૮૨, વૈશાખ વદ અગિયારસ ને બુધવાર, તા. ૧૩/૦૫/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમેશ્વર તેમનાં દિવગંત આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**નોંધ :- સદ્ગતનું બેસણું રાખેલ નથી.**

શ્વસુર પક્ષ
મુકેશભાઈ નાનુભાઈ દેસાઈ
બં.નં. ૧, શ્રીદર્શન સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત.
(મો.) 98253 87835

લિ. નિરજ દોલતભાઈ દેસાઈ (પુત્ર)
દિવ્યા નિરજ દેસાઈ (પુત્રવધુ)
હેમાલી પ્રતિષ દેસાઈ (પુત્રી, USA)
પ્રતિષ આર. દેસાઈ (જમાઈ, USA)
તથા સમસ્ત દેસાઈ પરિવાર

નિવાસસ્થાન : C-39, કિશોરપાર્ક સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાછળ, ઘોડદોડ રોડ, સુરત. (M.) : 89800 10352 / 84694 20376

**અનાવિલ અવસાન**



ગં. સ્વ. નિર્મળાબેન (ભીખીબેન) ભીખુભાઈ નાયક
(સ્વ. તા. 11-05-2026)

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂ. માતૃશ્રી ગં.સ્વ. નિર્મળાબેન (ભીખીબેન) ભીખુભાઈ નાયકનું તા. 11-05-2026ના રોજ દુ:ખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરું.

: સદગતનું સંયુક્ત બેસણું :
તા. 17-05-2026ને રવિવારના રોજ બપોરે 4.30 થી 7.00 કલાક દરમિયાન રાખેલ છે.
સ્થળ : આદર્શ ભવન, આદર્શ સોસાયટી, અઠવા ઝોન ઓફિસની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત.
પોત પડીકા રિવાજ સંપૂર્ણ બંધ છે

લિ.
દીપકકુમાર ભીખુભાઈ નાયક (પુત્ર) | પ્રજ્ઞાબેન દીપકકુમાર નાયક (પુત્રવધુ)
સ્વ. વિજયકુમાર ભીખુભાઈ દેસાઈ (પુત્ર) | ગં.સ્વ. મનીષાબેન વિજયકુમાર દેસાઈ (પુત્રવધુ)
સ્વ. પ્રતિભાબેન દીપકભાઈ દેસાઈ (પુત્રી) | શ્રેય વિજયકુમાર દેસાઈ (પૌત્ર)
સોનલબેન ગિરીશભાઈ દેસાઈ (પુત્રી)

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ. મધુરિકા મોહનલાલ નાયક (બેન) અજય મોહનલાલ નાયક



**દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

**સ્વ. કૃષ્ણકાંત ઈશ્વરલાલ કાપડિયા**
સ્વ તા. ૧૫/૫/૨૦૧૬

'પ્રિય પપ્પા'
તમે અમારા જીવનમાં પ્રેરક ઉત્સાહ બનીને જીવંત છો અને રહેશો. આપના પ્રેરક વ્યકિતત્વએ અમને પ્રગતિમાં, ઉત્સાહમાં, જીતમાં અને મુશ્કેલીમાં અડગ રહેતા શીખવ્યું છે. આપની દીર્ઘદ્રષ્ટિ અને મકકમ વિચારો અમારા સંકલ્પને વધુ વેગવાન કરતા રહે છે. આપે કંડારેલા જીવનપથ પર અમે સદાય નિષ્ઠાવાન અને નીડર બની કૃતજ્ઞતાપૂર્વક ડગલાં ભરતાં રહીશું, જીવનમૂલ્યોને સાચવતા રહીશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
સ્વ. દેવ્યાની કૃષ્ણકાંત કાપડિયા
હેતલ કૃષ્ણકાંત કાપડિયા | દેવેન કૃષ્ણકાંત કાપડિયા
જીજ્ઞેશ કૃષ્ણકાંત કાપડિયા | સોહિલ કૃષ્ણકાંત કાપડિયા
તથા સમસ્ત કે. આઈ. કાપડિયા પરિવાર